# આશીર્વાદ નહીં, સારાં કર્મો કરો



## માધવ મલ્હાર

તપન ત્રિવેદી

પરમ તત્ત્વનો સ્વીકાર કર્યા પછી, આધ્યાત્મિક અભિગમ કેળવ્યા પછી પણ માણસની મનોવૃત્તિ એવી રહી છે કે પળભરમાં પોતાના મનોરથો પરિપૂર્ણ થઇ જાય. મુઠ્ઠી ઉઘાડો અને ભગવાન મળી જાય. ભગવાનનાં દર્શન થઇ જાય એટલું જ નહીં, સંતના, ગુરુના આશીર્વાદ માત્રથી પોતાની સમસ્યાઓનું નિરાકરણ આવી જાય તેવી મનોવૃત્તિ માણસના મન-મસ્તિકમાં ઘર કરી ગઇ છે પણ એ શક્ય નથી. એને માટે તપવું પડે. આ કંઇ રમત વાત નથી કે બધું સરળતાથી મળી જાય.

એક વાર એક ગુરુના આશ્રમમાં કેટલાંક આંગતુકો દર્શન, સત્સંગના આશયથી આવ્યાં હતાં. એક સજજને પોતાની આપવીતી જણાવી અને કહ્યું કે ‘‘મને આપ આશીર્વાદ આપો, જેથી મારી તકલીફો દૂર થાય.’’

ગુરુએ તત્ક્ષણ જ પૂરા જુસ્સાથી કહ્યું કે ‘‘ભાઇ, એમ આશીર્વાદથી કાંઇ ન મળે. સંતો તો ખૂબ દયાળુ હોય છે. તેઓ જનાહિતાય કાર્ય કરી રહ્યા છે. છતાં આ સંસારમાં વિષમતાઓ, તકલીફોનો પાર નથી. બરાબર છે? એનું કારણ શું? એવો પ્રશ્ન તમારા મનમાં જાગશે, જાગે તે સ્વાભાવિક છે પણ ભાઇ, માત્ર આશીર્વાદથી તકલીફો દૂર નહીં થાય. સંસારની સમસ્યાઓ દૂર કરવા માટે સારાં કાર્યો કરો. કોઇનું ખોટું ન કરો. ખોટું ન વિચારો. આપણાં સગાં, સંબંધી, મિત્રો, સ્નેહીઓના સુખમાં સુખી અને દુ:ખમાં દુ:ખ અનુભવો. કોઇની વિકટતાઓ દૂર કરવામાં આપણે સહાયરૂપ થવાનું વિચારીએ. આપણી સહાનુભૂતિ, આપણો કોઇ વિચાર, આપણા એકાદ બે શબ્દો પણ કોઇના નિરાશ-હતાશ જીવનમાં પ્રેરણાનું, આશાનું એક કિરણ પણ પાથરી શકે તો તે માણસનું બહુ મોટું સત્કાર્ય લેખાશે. માણસે આવાં સત્કાર્યોની ક્ષણોને ઝડપી લેવા સતત સભાન, સતર્ક અને પ્રયત્નશીલ રહેવું જોઇએ.

તમને થશે કે એટલા માત્રથી વિષમતાઓ કેવી રીતે દૂર થઇ શકે? ભાઇ, એક ઉક્તિ જાણીતી છે ને કે આત્મા સો પરમાત્મા. આત્મા એ જ પરમાત્મા છે. હવે જયારે માણસ કોઇના સુખમાં સહભાગી થાય છે ત્યારે તેના આત્મામાં રહેલો પરમાત્મા પ્રસન્ન થાય છે. ઈશ્વર વિચારે છે કે મારા ભક્તની સફળતામાં તેણે પોતાની ખુશી વ્યકત કરી એટલે જાણ્યે-અજાણ્યે તમારી ખુશી ઈશ્વર સુધી પહોંચે છે ને તમે પ્રભુની પ્રસન્નતા પ્રાપ્ત કરવા સદ્ભાગી બનો છો.

માણસ જયારે કોઇના દુ:ખમાં પોતાનો ખભો આપે છે, હૂંફ આપે છે, સહાનુભૂતિ, સંવેદનશીલતા દાખવે છે ત્યારે તે માણસ થોડીક શાંતિ, હળવાશ અનુભવે છે. તેનામાં થોડીક હિંમત આવે છે. શક્ય ને સંભવ છે કે તમારી હૂંફ, સહૃદયતા તેની વિકટતા-વિષમતા દૂર કરવામાં કારણભૂત બની જાય અને તેની વિષમતા દૂર ન થાય તોપણ તેને જે શાંતિ અને હળવાશ મળે તે તેના પક્ષે બહુ મોટી વાત બને છે. કેમ? કારણ કે એ શાંતિ-હળવાશ તેનામાં અનોખી શક્તિનો સંચાર કરે છે. તેને વિચારવા પ્રેરે છે. તેનામાં હિંમત પ્રગટાવે છે અને તે તેના વિકટ માર્ગમાં આગળ વધવા શકિતમાન બને છે. ત્યારે તમારું એ કાર્ય સત્કાર્ય બને છે.પ્રભુની પ્રસન્નતા પ્રાપ્ત કરવા તમે સદ્ભાગી બનો છો. પેલા માણસને પણ તમે મન, વચન, કર્મથી જે શક્તિ- શાતા આપી તેનામાં ઈશ્વરીય દિવ્ય શકિત ભળે છે અને તે જીવનમાર્ગમાં આગળ વધે છે. આગળ વધવાનો માર્ગ મળે છે.

**શાંતિ-હળવાશ તેનામાં અનોખી શક્તિનો સંચાર કરે છે. તેને વિચારવા પ્રેરે છે. તેનામાં હિંમત પ્રગટાવે છે અને તે તેના વિકટ માર્ગમાં આગળ વધવા શકિતમાન બને છે ત્યારે તમારું એ કાર્ય સત્કાર્ય બને છે, આશીર્વાદ નહીં, સારાં કર્મો કરો**

એક માણસના મનની પ્રસન્નતા અન્ય માણસ માટે સત્કર્મ બને છે, જેના પ્રતાપે અને પ્રભાવે કરીને માણસના જીવનમાં આવતી વિકટતાઓ દૂર થાય છે. આવા સમયમાં સંતના, ગુરુના આશીર્વાદ ફળીભૂત થાય છે. માટે જીવનમાં સત્કાર્યો કરો. જયારે જીવનમાં સત્કાર્યો- કર્મોનો ઉદય થશે ત્યારે સંતના, ગુરુના આશીર્વાદ ઉપયોગી બનશે. માટે યાદ રાખો, માત્ર આશીર્વાદથી કંઇ નહીં થાય. આશીર્વાદ લઇ સત્કાર્યો કરો તો સોનામાં સુગંધ ભળશે’’.

# ચૈત્રી નવરાત્રી વિશેષતાઓ

## ધર્મ મર્મ

શ્રીજીવ વ્યાસ



દરેક વ્રત,પર્વ, તહેવારોનું પોતાનું આગવું મહત્ત્વ, વિશેષતા હોય છે અને તેની સાથે ધર્મ ઉપરાંત અનેક પરિબળો સંકળાયેલાં હોય છે જે આખરે તો જનકલ્યાણ સાધતા હોય છે, પછી તે શિવરાત્રી હોય કે નવરાત્ર, હોળી હોય કે મકરસંક્રાંતિ. હાલ વાસંતિક નવરાત્ર જે રામ નવરાત્ર, ચૈત્રી નવરાત્ર તરીકે પણ ઓળખાય છે એ પોતાની આગવી વિશેષતા ધરાવે છે.

આ નવરાત્રમાં નૂતન સંવત્સરનો પ્રારંભ થઈ ચૂક્યો છે. વિશિષ્ટ મુહૂર્તમાં વિશેષ અનુષ્ઠાન સાથે નવ વર્ષના પ્રારંભે ઈન્દ્રિય સંયમ, આધ્યાત્મિક જાગૃતિ સાથે તન,મન, અંતઃકરણની શુદ્ધિનું આ મહાપર્વ ગણાય છે. વસંતઋતુ સાથે આ નવરાત્રનો સંબંધ છે કેમ કે આ સમયમાં પ્રકૃતિ રસ, રંગ, સુગંધ પ્રસરાવે છે. સંપૂર્ણ પર્યાવરણમાં નવીનતાનો સંચાર થાય છે. આમ નવું વર્ષ સાચા અર્થમાં નવ વર્ષ બને છે. સંવતની પ્રથમ ઋતુ વસંતના ચૈત્ર અને વૈશાખ મહિના છે જેને ‘મધુમાસ અને માધવ માસ’ પણ કહેવામાં આવે છે. ‘વસંતૌ મધુ માધવૌ’. આ મધુ ઋતુ છે. મધુ એટલે જીવનનું સત્ત્વ એ થકી જ જીવનની ગતિ છે અને તેમાં ઘટ-ન્યૂનતા એટલે શિશિર ઋતુના રૂપમાં દેખાય છે. ઝાડ પરથી પાંદડાંઓ ખરી પડે છે. વનસ્પતિઓ રસરહિત જણાય છે. આ બે વચ્ચે ગ્રીષ્મ, વર્ષા, શરદ અને હેમંત ઋતુનો ક્રમ રહે છે. વસંતથી શરૂ થતું નૂતન વર્ષ કાલ પુરુષના સંક્રમણનું જ પ્રતિફળ છે. રાજા જનક અને ઋષિ અષ્ટાવક્ર વચ્ચેના સંવાદમાં અષ્ટવક્રે કહ્યું હતું કે,’ 24 પર્વ (પખવાડિયાં), છ નાભિ (ઋતુ), બાર અંશ(માસ) અને 360 દિવસવાળુ સંવત્સર રૂપી કાલચક્ર આપનું રક્ષણ કરો.’ વેદ પણ કહે છે. ‘મધુ ભૂયાસં મધુ સદ્રશઃ’ એટલે કે ‘આપણે મધુ જેવા બનીએ’. આ મધુ આનંદ કહેવાય છે અને આનાથી જ પરમાત્માએ સૃષ્ટિ રચી છે. આ આનંદ તત્ત્વને ઓળખવાનો અવસર છે. નૂતન વર્ષે આપણે પણ આપણામાં રહેલા આનંદ તત્ત્વને, આપણામાં રહેલા મધુને ઓળખવાનો પ્રયત્ન કરીએ. પ્રકૃતિ પણ પોતાના માધ્યમથી તે વ્યક્ત કરે છે. પ્રકૃતિ, વનસ્પતિ પણ આ જ ઋતુમાં નવપલ્લવિત થઈ ખીલી ઊઠે છે. એથી જ શ્રીમદ ભગવદ ગીતાના અધ્યાય 10 માં વિભૂતિ યોગના 35 મા શ્લોકમાં ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું છે કે, ‘ઋતુઓમાં વસંત (કુસુમાકર)હું છું.’ આમ વસંત ઋતુ શ્રી કૃષ્ણના ( સ્નેહ) પ્રેમ, આનંદનું સ્વરૂપ જ છે.

ખગોળીય દષ્ટિએ જોઈએ તો, પૃથ્વી દ્વારા સૂર્યની પરિક્રમાના કાળમાં એક વર્ષની ચાર સંધિઓ છે. માર્ચ અને સપ્ટેમ્બર માસમાં સંધિમાં વર્ષના બે મુખ્ય નવરાત્ર આવે છે જેને હિન્દુ સમાજનો મોટો વર્ગ ભક્તિભાવથી કરે છે. આ સંધિ કાળમાં સ્વાભાવિક રીતે રોગકારક જીવાણુઓનું પ્રમાણ વધુ રહેતું હોવાથી શારીરિક બીમારીઓ વધે છે. આ સમય શરીરને સ્વસ્થ રાખવા, શુદ્ધ રાખવાના દિવસો છે. નવરાત્રમાં વ્રત, નિયમ અને ભક્તિ તેમાં ઉપયોગી નીવડે છે. નવરાતોના સમૂહ નવરાત્રને એક બીજા રૂપકથી જોઈએ તો, આપણા શરીરના મુખ્ય નવ દ્વાર છે. તેની અંદર નિવાસ કરતી જીવની શક્તિનું નામ જ દુર્ગા દેવી છે. આ ઈન્દ્રિયોને અનુશાસન, સ્વચ્છતા, તારતમ્ય સ્થાપિત કરવાના પ્રતીક રૂપમાં, શરીરના તંત્રને વર્ષભર સારી રીતે ક્રિયાશીલ રાખવા માટે નવ દ્વારોની શુદ્ધિનું પર્વ નવરાત્ર કહી શકાય. સાત્ત્વિક આહાર, વ્રતપાલનથી શરીરની શુદ્ધિ, સાફસૂથરા શરીરમાં શુદ્ધ બુદ્ધિ, ઉત્તમ વિચારોથી જ ઉત્તમ કર્મ, કર્મોથી સત્ ચરિત્રતા અને ક્રમશઃ મન શુદ્ધ થાય છે. સ્વચ્છ ‘મનમંદિર’માં જ ઈશ્વરની શક્તિનો નિવાસ હોય છે.

ચાર નવરાત્રમાં શારદીય-આસો નવરાત્ર વૈભવ, ભોગ પ્રદાન કરનાર ગણાય છે. ગુપ્ત નવરાત્ર તંત્ર સિદ્ધિ માટે વિશેષ છે. જ્યારે ચૈત્ર નવરાત્ર આત્મ શુદ્ધિ અને મુક્તિ માટે ગણાય છે. જો કે દરેક નવરાત્રનું આધ્યાત્મિક દ્રષ્ટિએ પોતાનું મહત્ત્વ છે જ. આધ્યાત્મિક દ્રષ્ટિએ જોઈએ તો આ સમય પ્રકૃતિ અને પુરુષના સંયોગનો કાળ છે. પ્રકૃતિ માતૃશક્તિ હોવાથી આ સમયે દેવીની પૂજા થાય છે. ગીતાજીમાં ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું છે કે, ‘સંપૂર્ણ સૃષ્ટિ પ્રકૃતિમય છે અને તે પુરુષ છે.’ નવરાત્રના નવ દિવસોમાં ભક્ત પોતાની ભૌતિક, આધ્યાત્મિક,યાંત્રિક, તાંત્રિક ઈચ્છાઓ પૂર્ણ કરવાની ઈચ્છાથી વ્રત, ઉપવાસ, જાપ, અનુષ્ઠાન કરે છે. ઈશ્વરીય શક્તિ આ ઈચ્છાઓ પૂર્ણ કરવા સહાયક બને છે. નવ દિવસોમાં દેવી દુર્ગાના નવ રૂપોની પૂજા કરવામાં આવે છે જે વિવિધ પ્રકારની શક્તિઓનું પ્રતિનિધિત્વ કરે છે. ચૈત્ર નવરાત્રનું બીજું પણ એક મહત્ત્વ એ છે કે, સનાતન હિન્દુ નવ વર્ષના પંચાંગની ગણના પણ શરૂ થાય છે. આ દિવસથી વર્ષના રાજા, મંત્રી, સેનાપતિ, વર્ષા, કૃષિના સ્વામી ગ્રહનું નિર્ધારણ થાય છે અને વર્ષ દરમિયાન અન્ન, ધન, વ્યાપાર, સુખશાંતિનુ અનુમાન કરવામાં આવે છે. નવરાત્રમાં દેવી અને નવ ગ્રહોની પૂજાનું કારણ એ પણ છે કે ગ્રહોની સ્થિતિ વર્ષ દરમિયાન અનુકૂળ રહે અને જીવનમાં સુખ, શાંતિ જળવાઈ રહે એ પ્રાર્થવાનું છે. ચૈત્ર નવરાત્ર ધાર્મિક દ્રષ્ટિએ પણ વધુ પ્રભાવશાળી ઐતિહાસિક છે અને પુરાણ કથાઓમાં તે અંગે ઉલ્લેખ જોવા મળે છે. આ પવિત્ર ચૈત્ર નવરાત્રના પહેલા દિવસે આદ્યશક્તિ પ્રગટ થઈ હતી અને દેવીના કહેવાથી બ્રહ્માજીએ સૃષ્ટિ નિર્માણનું કાર્ય શરૂ કર્યું હતું. ચૈત્ર નવરાત્રના ત્રીજા દિવસે ભગવાન વિષ્ણુએ મત્સ્યના રૂપમાં અવતાર લઈને પૃથ્વીની સ્થાપના કરી હતી. તે પછી ભગવાન વિષ્ણુનો સાતમો અવતાર જે ભગવાન રામનો છે તે પણ ચૈત્ર નવરાત્રમાં નોમને દિવસે થયો હતો. આમ આ નવરાત્રનું મહત્ત્વ વધી જાય છે. નવરાત્રના મહાપર્વનું ધાર્મિક, આધ્યાત્મિક, જ્યોતિષની દ્રષ્ટિએ જ નહીં પરંતુ ઋતુ પરિવર્તનથી દૂષિત વાયુમંડળના શુદ્ધિકરણ માટે હવન, યજ્ઞનું વિધાન છે જેમાં જડીબુટ્ટીઓ, વનસ્પતિઓ મંત્રોચ્ચાર સાથે હોમવાથી તન, મન,વાયુમંડળની શુદ્ધિનો ખ્યાલ પણ આપણા ઋષિમુનિઓએ કર્યો છે. નવરાત્રમાં કૃષિ સંસ્કૃતિને પણ માન આપવામાં આવ્યું છે. એવી માન્યતા છે કે, સૃષ્ટિની શરૂઆતમાં પહેલો પાક-ફસલ જવનો હતો જેને આપણે પ્રકૃતિ મા જગદંબાને સમર્પિત કરી તેમના પ્રત્યે આભાર વ્યક્ત કરીએ છીએ. નવરાત્રમાં ભક્તોની ઈચ્છા ચંડીપાઠ કરવાની હોય છે પરંતુ સમયની વ્યસ્તતા, સંસ્કૃત ન સમજી શકવાની લાચારી અનુભવતા હોય છે, તો સપ્તશ્લોકી દુર્ગાનો પાઠ અને માતાના જે સ્વરૂપને માનતા હોય તેનું સ્મરણ, જપ પણ ફળદાયી બને છે. ‘ઈદં ન મમ’.

**ચૈત્ર નવરાત્રના પહેલા દિવસે આદ્યશક્તિ પ્રગટ થઈ હતી અને દેવીના કહેવાથી બ્રહ્માજીએ સૃષ્ટિ નિર્માણનું કાર્ય શરૂ કર્યું હતું. ચૈત્ર નવરાત્રના ત્રીજા દિવસે ભગવાન વિષ્ણુએ મત્સ્યના રૂપમાં અવતાર લઈને પૃથ્વીની સ્થાપના કરી હતી. તે પછી ભગવાન વિષ્ણુનો સાતમો અવતાર જે ભગવાન રામનો છે તે પણ ચૈત્ર નવરાત્રમાં નોમને દિવસે થયો હતો. આમ આ નવરાત્રનું મહત્ત્વ વધી જાય છે**